# *કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે મહિલા તાલીમ કાર્યક્રમ યોજાયો*

## (તા. ૨૩/૦૯/૨૦૧૬)

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે કાર્યરત પ્લાન યોજના "સ્ટ્રેન્થનિંગ ઓફ ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર" અંતર્ગત તા: ૨૩-૦૯-૨૦૧૬ ના રોજ "**ભારતીય કૃષિમાં મહિલાઓની અગત્યતા**" વિશે તાલીમ કાર્યક્રમ યોજાયો. સદર કાર્યક્રમમાં કઠલાલ તાલુકાના જુદા જુદા ગામોમાંથી ૩૦ મહિલાઓ હાજર રહી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રો. એસ. એ. સિપાઈ, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રીએ પધારેલ મહિલાઓનું શાબ્દિક સ્વાગત તથા કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન અને વિસ્તરણની પ્રવૃતિઓથી વાકેફ કરી હતી. પ્રો. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે "આધુનિક કૃષિમાં મહિલાઓની અગત્યતા" વિશે વિસ્તૃત ચર્ચા કરેલ. ડૉ. જે. કે. પટેલ સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, એ "મહિલા સશક્તિકરણ" વિશે વ્યાખ્યાન આપ્યું હતું. મહેમદાવાદ તાલુકાના પશુચિકિત્સક ડૉ. સ્નેહલભાઈ પટેલે "પશુપાલન ક્ષેત્રે રહેલ મહિલાઓનો સિંહફાળો" વિશે વિસ્તૃત ચિતાર આપ્યો હતો તથા તેમને મુંજવતા પશુપાલન અંગેના રોજબરોજના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.





